सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૧૯ ફેબ્રુઆરી ૧૯૯૯ અંક ૪

## વાલીઓને...

આપણી આઝાદી પછી આપણે આપણા બધા પ્રશ્નો માટે સરકાર તરફ નજર કરતાં થઈ ગયા છીએ. આઝાદીના પૂર્વકાળમાં અને મુખ્યત્વે કરીને તો સ્વાતંત્ર્યની લડતનાં સમયના ગાળામાં સામાજીક સંસ્થાઓએ ઘણું ગૌરવવંતું કામ કર્યું છે. અનેક પ્રકારની આફતો તેમજ આંદોલનોમાં સક્રિય ભૂમિકા આવી સંસ્થાઓની રહી છે. વિશેષ કરીને ગુજરાતમાંતો આ સંસ્થાની ભૂમિકા પરથી અન્ય પ્રાંતો પણ તેમાંથી પ્રેરણા મેળવે તેવું ગૌરવવંતું કામ થઈ શકયું હતું. શકય છે કે ગાંધીજીના શરૂઆતનાં તબક્કાઓમાં ગુજરાત તેનું કાર્યક્ષેત્ર હોઈ તેમજ સરદાર પાસેથી પ્રેરણા લઈને અનેક કાર્યકરોને પોતાનું ઘડતર કરવાનો અવસર મળ્યો.

આઝાદી પછીનાં ગાળામાં આ વલણમાં ફેરફાર આવ્યો અને આપણા બધા પ્રશ્નો જાણેકે સરકાર જ હલ કરી શકે તેવો અભિગમ આપણો બન્યો. વાવાઝોડું, પૂરની આફતો,ધરતીકંપ, દુષ્કાળની પરિસ્થિતિ,રોગચાળાની પરિસ્થિતિ, આ બધામાં સરકાર જ બધું કરી શકે તેવું જાણે કે આપણે માનવા લાગ્યા. આપણા વારસામાં સામાજીક સંસ્થાઓની ભૂમિકા હોઈને આવી સંસ્થાઓની કામગીરી અવશ્ય રહી છે. પરંતું તેનું પ્રમાણ ઘણું જ ઓછું હોય તેવું લાગ્યા સિવાય રહેતું નથી. પરંતું તંત્રની વ્યવસ્થા જ એવી હોય છે કે કોઈ જવાબદારી લઈને કાર્ય કરે તેવું ઓછું બને છે. અપવાદરૂપ કિસ્સાઓમાં કોઈક કોઈક ઠેકાણે સક્ષમ અધિકારીઓએ તંત્ર ચેતનવંતુ કરીને કાર્ય કર્યાના દાખલા અવશ્ય છે. પરંતું આવા કિસ્સાઓમાં પણ આવા અધિકારીઓની ભૂમિકાઓ પણ જાણેકે અચાનક સમાપ્ત થઈ જાય છે.

આ સાર્વત્રિક કાર્ય શૈલીની અસર શિક્ષણના ક્ષેત્રમાં પડી છે એટલું જ નહી પરંતું શિક્ષણ જાણે કે સંપૂર્ણપણે સરકારી તંત્રનો ભાગ હોય તેવું બની ગયું છે. વિશેષ કરીને માધ્યમિક શિક્ષણ કે જેમાં સામાજીક સંસ્થાઓ બહુમૂલ્ય પ્રદાન કરી શકે તેમ છે તેને પૂરેપૂરું સરકારની જકડમાં લઈ લેવામાં આવ્યું છે. આનું પરિણામ એ આવ્યું છે કે ઉતરોત્તર શિક્ષણનું સ્તર ઉતરતું જાય છેઅને સમગ્ર શિક્ષણ જાણે દિશા વિહિન બની ગયું હોય તેવું લાગે છે. શિક્ષણના ક્ષેત્રમાં સાર્વત્રિક હતાશાનો અહેસાસ થાય છે. પરિણામ એ આવ્યું છે કે ત્રણેક પેઢીઓ આ અવ્યવસ્થાની અંદર વેડફાઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી આ બાબતમાં સભાનતા આવી હોય તેવો આનંદમય અનુભવ થાય છેઅને પ્રયોગ તરીકે સ્વાયત્ત શાળાઓ ઊભી કરવાનું રચનાત્મક વલણ દેખાઈ રહ્યું છે. ગયા શારદમાં અમે આ અંગે ઉલ્લેખ કરેલો અને આવા સ્વાયત્ત વર્ગો વહેલાંમાં વહેલાં જુન ૨૦૦૦થી ચાલુ કરી શકાય તેની શકયતાનો વિચાર વાલીઓ સમક્ષ મૂકયો હતો. ઘણાં વાલીઓએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે.એટલું જ નહી પરંતું પ્રો.જી.આર.દવેએ પૂરું વિશ્લેષણ કરીને લેખિત પ્રતિભાવો બતાવ્યા છે.સમગ્ર સમાજ આવસ્તુનો રચનાત્મક પ્રતિભાવ આપે તેવી અપેક્ષા છે.

ઈન્દુભાઈ દવે
ના વંદન

## ગાંધીજીનો પત્ર

ફરી નથી વાંચ્યો.

સુજ્ઞભાઈ,

પર્ણકુટિમાં જ તમને વાત કરવી હતીપણ રહી ગઈ. અમદાવાદનું શારદામંદિર તમે જાણતા હશો. તેમાં સવિતાબહેન ભોગીભાઈ અને ચંદુલાલ ત્યાગ વૃત્તિથી કામ કરી રહયા છે. મને એ સંસ્થાનો પરિચય કેટલાક વર્ષોથી છે. અત્યારે નીલાનાગિની દેવીનો દીકરો ત્યાં ઉછરી રહ્યો છે. આશ્રમનીકેટલીક બાળા ત્યાં શિક્ષણ લેય છે.કેટલીક ગરીબ માબાપોની બાળાઓ ત્યાં ભણી રહી છે. સંસ્થા સ્વાવલંબી થાય તેવો તેનો વેંત નથી. ખર્ચ પૂરું મળે તેટલી ફી તેઓ ન લેવાનોઆદર્શ રાખે છે તેનો હેતુ એ છે કે મધ્યમ વર્ગની બાળાઓ છે તેનેપણ તેઓને પોસાય તેટલું ફકત લઈને ભણાવવી. આ સંસ્થામાં ગમે ત્યાંથી આવેલી ગુજરાતી બાળાઓ ભણે છે એટલે તમારી પાસેથી ભિક્ષા માંગવાનો તેને પૂર્ણ અધિકાર છે. અમદાવાદના ધનિક લોકોની મુઠ્ઠી સાંકડી ન રહેતી હત તો તેઓને આપદા ન પડત. પણ અમદાવાદમાં તો કોડીના હિસાબ થાય છે એટલેઆવી સંસ્થાને ભાગે થોડું જ આવે આ બધું જાણીને સંસ્થાનું વધારે જ્ઞાન મેળવવા જેટલીં ફૂરસદ હોય તો તે મેળવીને જે અપાય તે આપજો..તમારી પ્રકૃતિ સારી હશે.

૨૯-૧૦-૩૩ વર્ધા મોહનદાસના વં.મા.

સર પ્રભાશંકર પટણી, ભાવનગર

તા. ૩૧ જુલાઈ ૧૯૩૩ને સોમવારનાં 'ગુજરાત સમાચાર'મા છપાયેલા નીચેના સમાચારનું પુનઃમુદ્રણ કરીએ છીએ.

"શારદામંદિરમાં ગાંધીજી

તા. ૨૯-૭-૩૩નાં રોજ શારદામંદિરનો સ્થાપનાદિન હોવાથી બપોરનાં ૧૨-૦૦ વાગ્યે મહાત્મા ગાંધીજી શારદામંદિરનાં બાળકોને આશીર્વાદ આપવા પધાર્યા હતાં. પ્રથમ પૂજ્ય ગાંધીજીએ શારદામંદિર બાલમંદિરના અઢીથી સાત વર્ષની ઉંમરના બાળકોનાં નમૂના ઘણી પ્રસન્નતા સાથે જોયા હતાં. ત્યાર બાદ પૂજય ગાંધીજીએઆસન લીધા બાદ સંસ્થાના બાળકોની પ્રાર્થના થઈ હતી. તે પછી પૂજ્ય ગાંધીજીએ આશીર્વાદ આપતાં નીચે પ્રમાણે કહ્યું હતું"જો કે હું વિનોદ કરી શકું છું પણ અત્યારે મારી પાસે તેનો વખત નથી.અત્યારે મારો વખત પારકો છેએટલે વધારે વખત ગાળું તો ચોરી કહેવાય અત્યારે હું બીજાનો વખત ચોરીને આવ્યો છું. તમને ખબર છે કે હું કોનો વખત ચોરીને આવ્યો છું?"(કોઈએ જવાબ ન આપ્યો એટલે)"હારી ગયા ને! !"તેવો વિનોદ કર્યો હતો.બાદ આગળ બોલતાં ગાંધીજીએ કહ્યું કે શારદામંદિર અને તેના બાળકોને હું આશીર્વાદ આપું છું કે તમે સંસ્થાને શોભાવજો.અને તેમ કરી તમે પણ શોભજો.પણ તે કેવી રીતે શોભાવી શકાય તેની તમને ખબર છે? "દેશની સેવા સાચે માર્ગે કરીને " શ્રી સવિતાબેન ત્રિવેદીએ બાપૂજીને બાળકો અને શિક્ષકો તરફથી હરિજન સેવા માટે રૂપિયા ૧૦૧ ભેટ આપી સૂતરનો હાર પહેરાવ્યોહતો."

## " સૌનું કામ એ કોઈનું નહીં ? "

" બેન ! આ બાથરૂમોનું કંઈ કરોને ! એટલા ગંદા હોય છે કે તેમાં જવાય તેવું નથી હોતું. "

વારંવાર આવી ફરિયાદો લઈને વિદ્યાર્થીઓ આવે છે.. ત્યારે મને ય થાય છે કે આ તો બહુ મોટી મુશ્કેલી કહેવાય.. રોજના છ સાત કલાક સ્કૂલમાં ગાળવા પડતાં હોય તો બાથરૂમની સુવિધા વીના તો કેવી રીતે ચાલે ? આરોગ્યની દ્રષ્ટિએ પણ ચોખ્ખા બાથરૂમ એ બહુ મહત્વની જરૂરીઆત છે.. તો પછી એનું કરવું શું ? પ્રશ્ન ખૂબ જ મહત્વનો પણ છે.

સફાઈ માટેનાં બેન સતત જ શાળામાં હાજર રહે અને વારંવાર બાથરૂમો સાફ કરે, એ બધી ગોઠવણ તો કરી છે જ પણ સાફ કરનાર એક ને વાપરનાર અનેક... કયાં ને કેટલુંક પહોંચવું ? સમસ્યા બહુ મોટી છે.

આપણા ઘરમાં આપણે બાથરૂમ વાપરીએ છીએ.. એને આપણે આવા ગંદા રાખીને નીકળીએ છીએ ખરાં ? જેટલી વખત વાપરીએ તેટલી વખત પાણીથી સાફ ન કરીએ તો એ ઘરમાં રહેવાય જ કેવી રીતે? તો પછી અહીં સ્કૂલમાં ? બાથરૂમોમાં ય પાણીની વ્યવસ્થા તો છે જ પણ ત્યાં આપણે પાણી નાખી ચોકખાઈ રાખવાનો પ્રયત્ન સુધ્ધાં કરીએ છીએ ખરાં ? આપણી આ જ મનોવૃત્તિની બહુ મોટી મુશ્કેલી છે. કોઈ પણ જાહેર સ્થળ હોય, સુવિધા હોય..તે તરફનું આપણું મનોવલણ જ જાણે ઓરમાયું બની જાય છે.. તે વાપરીએ ખરાં પણ તેને maintain કરવાની જાગૃતિ કયારેય આપણે રાખીએ છીએ ખરાં ? અરે ! બાથરૂમ અને સંડાસ બેનાં ઉપયોગો વિષે ય આપણે કયાં સજાગતાં સેવીએ છીએ? એમાં ગંદકી નાંખવામાં પણ આપણે ક્યાં પાછા પડીએ છીએ! અને પછી બુમ પડે કે એ બાથરૂમો સાફ નથી.. પણ એને સાફ કેવી રીતે રાખી શકાય ? પ્રશ્ન બહું ગંભીર છે.

જાપાનમાં તો સ્કુલોમાં પણ આ સાફસુફી વિદ્યાર્થીએ જાતે જ કરવાનો રિવાજ છે. બધાં જ વિદ્યાર્થીઓનો તે માટે વારાફરતી વારો આવે અને એ વાત તો ચોક્કસ છે કે આપણે જાતે સાફ કરવાની જવાબદારી જ્યાં સુધી માથે ન આવે ત્યાં સુધી એ ચોકખાઈ રાખવી એ કેટલી મહત્વની બાબત છે તેનો ખ્યાલ જ નથી આવતો.

આપણા વિદ્યાર્થીને આપણે એ સાફ કરવાની જવાબદારી તો ન જ સોંપીએ પણ ત્યાં ગંદકી નહીં નાંખવાની, ત્યાં ગંદકી નહીં કરવાની ને બાથરૂમ વાપર્યા પછી પાણીનો છૂટથી ઉપયોગ કરી તેને ચોખ્ખી કરી બહાર નીકળવા જેટલી જાગૃતિ રાખવાની જવાબદારી તો સોંપી શકાય.' એ જાગૃતિ જો દરેકમાં આવે કે બાથરૂમને ચોખ્ખી કરીને જ તેમાંથી બહાર નીકળવુ છે,પાણી નો પુરતોઉપયોગ કરવો છે,ગંદકી ગમે ત્યાં નાંખવી નથી. આપણા સૌના સહિયારા પ્રયત્નો અને જાગૃતિથી આ સમસ્યા હલ થઈ શકે તેમ છે. સૌને એમ થવું જોઈએ કે એ મારી બાથરૂમ છે, મારે તેને ચોકખી રાખવી છે કારણ મારે તેનો ઉપયોગ કરવાનો છે. અને તો પછી આવી કોઈ મુશ્કેલીનો અવકાશ જ નહીં રહે.' સૌનું કામ એ કોઈનું નહીં' એ મનોવૃતિને પરિણામે જ આ સમસ્યા સર્જાય છે. આપણે એને આપણી ફરજ તરીકે સ્વીકારીશું ? પૂ.ગાંધીજીએ પણ આ જ વિચારધારાની હિમાયત કયાં નહોતી કરી ? આપણે પણ તેમનાં પગલે ચાલીએ તો !..

**ઊર્મિલા શાહ**

આપણા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળતા મેળવવાની ઝંખનાના ભોગ બન્યા છે. પરીક્ષામાંની સફળતા એટલે ઓછામાં ઓછા જ્ઞાન સાથે વધારેમાં વધારે માર્ક એ ઈરાદાપૂર્વક કેળવાયેલી સત્ય પ્રત્યેની બેવફાઈ છે. બૌદ્ધિકઅપ્રામાણિકતા છે. ટાગોર

શારદની અંદર ' સ્વનિર્ભર સંસ્થા ' નાં સંદર્ભમાં વાલીઓ પાસે પ્રતિભાવ માગેલાં તેના સંદર્ભમાં પ્રો.જી.આર.દવેએ પોતાનો પ્રતિભાવ લંબાણપૂર્વક વિશદ છણાવટથી મોકલ્યો છે. તેમના પત્રનો સંક્ષિપ્ત ભાગ આ સાથે રજૂ કરું છું.

દિનુભાઈ

" પ્રાથમિક શાળાઓ કે જે સરકારી ગ્રાન્ટને પાત્ર નથી તે છેલ્લાં પાંચેક વર્ષમાં ક્રમે ક્રમે દબાણો અનુભવી રહી છે. સરકારનો કંટ્રોલ ઘણો છે. ખર્ચાઓ કુદકે અને ભુસકે વધતાં જાય છે. ફી વધારો વાલીઓ પચાવવા તૈયાર નથી. ફી વધારો થાય, વિરોધ થાય, સરકારી તંત્ર વચ્ચે પડે, અને શાકભાજીના ભાવની જેમ બોલી બોલાય અને કામચલાઉ સમાધાનો થાય રેશનલ ગણત્રીઓ સરકાર પ્રજા પાસે મૂકવાની હિંમત કરતી નથી. શિક્ષણનાં ખર્ચનો ભાર બીજાઓએ ઉપાડવો જોઈએ તેવું માનવામાં આર્થિક ક્ષમતાવાળાનો પણ સમાવેશ થાય છે.

માધ્યમિક શિક્ષણમાં સ્વનિર્ભર સંસ્થાનો વિચાર કરતાં તે સંસ્થાઓ કેવા કેવા દબાણ નીચે આવે તેની કલ્પના મુશ્કેલ નથી. આજે પણ ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓ મુશ્કેલીઓ અનુભવી રહી છે અને શૈક્ષણિક ધોરણો અને ઉદ્દેશોને અસર કરે છે. પરિસ્થિતિ ' Between devil and deep sea ' જેવી દેખાય છે.

ગ્રાન્ટ લેતી અને ગ્રાન્ટ ન લેતી બંને પ્રકારની વ્યવસ્થા એક સાથે એક જ સંચાલન નીચે હોય તો સરખો ન્યાય મળે કે કેમ ? નવી માનીતી અને જૂની અણમાનીતી થઈ શકે.

અત્યારની ગ્રાન્ટ ઈન એઈડ વાળી સંસ્થાઓમાં સરકારનાં નિયમો અને ઉભા કરાતા વિક્ષેપોથી જે નબળાઈ પ્રવેશી છે તેને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સમાજ અને વાલીઓ પાસેથી ફક્ત વોલન્ટરી આર્થિક મદદથી ભંડોળ ઊભું કરી કેટલીક નબળાઈઓ દૂર કરી શકાય કે કેમ ? તે બાબત ચર્ચા માંગી લે છે.

નવા પ્રકારની સંસ્થાનો વિચાર કરતાં પાંચ કે દસ વર્ષની નહીં પરંતુ પચાસ કે સો વર્ષ સુધી બદલાતા સામાજીક, રાજકીય અને આર્થિક સંદર્ભમાં સ્થિરતાપૂર્વક નિર્ધારીત ધ્યેયો હાંસલ કરવાની સ્પષ્ટતા કરી લેવી જોઈએ. સ્વનિર્ભર સંસ્થા સ્વાયત્ત હોય અને પારદર્શક સંચાલન હોય તો આદર્શ શૈક્ષણિક વ્યવસ્થા થઈ શકે કે જેમાં સરકારની દખલગિરિ ન હોય.

## અભિનંદન

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. નિરલ મોદી તથા ચિ. રોહન શાહને ઈનામ મળ્યા છેતે માટે અભિનંદન.

ડીપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ ,ફિલાટેલીક બ્યુરો આયોજીત સ્ટેમ્પ ડીઝાઈન કોમ્પીટીશનમાં વિષય હતો,"૨૧મી સદીનું ભારત "આ સ્પર્ધામાં ચિ. શૈલ શેઠ,ચિ.વિધી શાહ,ચિ. નિરલ મોદી ,ચિ. જીમી ભટ્ટ,ચિ. પ્રતીક શાહ ,ચિ. દર્શિલ શાહ અને ચિ. નીવા શાહને નેશનલ લેવલ પર ઈનામો તથા પ્રમાણ પત્રો મળ્યા છે.

શંકર્સ ઈન્ટરનેશનલ ચીલ્ડ્રસ આર્ટ કોમ્પીટીશન આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. હર્ષિલ છપ્પનને રૌપ્ય ચંદ્રક મળ્યો છેતેમાટે ધન્યવાદ .શંખા ઓલ ઈન્ડિયા આર્ટ કોમ્પીટીશન (બંગાળ)આયોજીત ચિત્ર સ્પર્ધામાં પણ ચિ. હર્ષિલને રૌપ્ય ચંદ્રક મળ્યો છે.

સી. એન. વિદ્યાવિહાર આયોજીત આંતરસ્કુલ બાલગીત સ્પર્ધામાં ચિ. ભૂમી ત્રિવેદીને તૃતીય ઈનામ મળ્યું છે.

## સંસ્થાકીય સમાચાર

ગણિતના વિષય તરફ અભિરૂચિ કેળવાય અને તેની સમજ વધારે સ્પષ્ટ બને તે હેતુથી સત્રની શરૂઆતમાં જ તા.૧૭-૧૧-૯૮ ના રોજ ગણિત ( ભૂમિતિ ) સુધારણા માટેનો એક કાર્યક્રમ એલીસબ્રીજ વિસ્તારની નજીકની શાળાઓમાંથી પાંત્રીસેક શિક્ષકોને નિમંત્રણ પાઠવીને યોજવામાં આવ્યો હતો. લગભગ પચીસ શિક્ષકોએ આનો લાભ લીધો. ડો.પી.સી.વૈદ્ય, પ્રો.દર્શનસિંગ તેમજ શ્રી પી. કે. વ્યાસ ( આલ્ફાગ્રાફીકસ ) ત્રણેય તજજ્ઞોએ વિશદ રીતે ગણિતના અભ્યાસક્રમ અંગેની સમજ આપી અને શિક્ષકો માટે આ કાર્યક્રમ ખૂબ ઉપયોગી જણાયો. ભવિષ્યમાં આ પ્રકારના વધુ કાર્યક્રમોનો આયોજન કરવા માટે જરૂરી ઉત્સાહ આ કાર્યક્રમમાં ભાગ લેનારાઓએ પૂરો પાડયો છે.

તા.૬-૨-૯૯ નાં રોજ શાળામાં Horse Show યોજાયો. વિદ્યાર્થીઓને સારું માર્ગદર્શન મળ્યું.

### બાલમંદિર

તા.૩૦-૧-૯૯ નાં રોજ બાલમંદિરનાં તાલીમ વિભાગનાં બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. બાળકનો સર્વાંગી વિકાસ થાય તેને અનુલક્ષીને બાળકો માટેની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન થાય છે. વેશભૂષા સ્પર્ધાથી બાળકોમાં નાટયકલા, અભિવ્યક્તિ અને રંગમંચ ઉપર આવવાની હિંમત કેળવાવા સાથે તેમનામાં ચારિત્ર્ય અને વ્યક્તિત્વનાં ઘડતરની પણ તક પૂરી પડે છે.

બાળકોએ ખૂબ સરસ રજૂઆત કરી. પાંચ જ વર્ષનાં નાના એ ભૂલકાઓની અભિવ્યક્તિ સાચે જ દાદ માંગી લે તેવી હતી. સ્વામી વિવેકાનંદની વેશભૂષા, તેનાં મોં પરની સૌમ્યતા.. તેની અભિવ્યક્તિ બધું જ ખૂબ સરસ હતું.. ટ્રાવેલ એજન્ટ બનેલી બેન પરિશાએ પણ કોમ્પ્યુટર પર રીઝર્વેશન ચાર્ટ જોઈ, સેલ્યુલર ફોન પર વાત કરી આબેહૂબ અભિવ્યક્તિ રજૂ કરી. બાળકોનું નિરીક્ષણ ખૂબ સૂક્ષ્મ હોય છે અને એ સૂક્ષ્મ અવલોકન પછી તેનું તેઓ આબેહૂબ અનુકરણ કરે છે. દાંતના ડોકટરનો અભિનય ચિ.જૈનિલે ખૂબ સરસ કર્યો, ડોકટરની જેમ જ કુશળતાપૂર્વક તે સાધનો પકડવાની તેનામાં ફાવટ હતી..તો પેલો કુલી બનેલો અભિષેક બરાબર કુલીની જેમ જ માથે બેગ અને ખભે બિસ્ત્રો ભરાવી ચાલ્યો ત્યારે તો એની છટા જોઈ મોંમાથી 'વાહ' ના ઉદગાર સરી પડે તેમ હતું. વર અને કન્યાનાં પાત્રો પણ એવાં જ સરસ હતાં.., વેશભૂષા તો સુંદર હતી જ પણ તેમની અભિવ્યક્તિ પણ સારી રહી.. આખો ય કાર્યક્રમ ખૂબ સફળ રહયો.. વાલીઓએ તેમાં લીધેલો રસ દેખાતો હતો, બાળકના વિકાસમાં આ પરિબળ બહુ જ મહત્વનો ભાગ ભજવે છે. આપણી આસપાસ પાર વિનાના જીવંત પાત્રો છે, બાળકને આવી સ્પર્ધામાં ભાગ લેવાનું આવે ત્યારે એ જ પાત્રોમાંથી બાળકની અભિરૂચિ અને શક્તિને અનુકૂળ પાત્ર પસંદ કરી આપી તેનું સૂક્ષ્મ અવલોકન અને યોગ્ય અનુકરણ કરતાં બાળકને જો શીખવીએ તો તે જરૂર સિધ્ધિ હાંસલ કરી શકે છે. પસંદ કરેલા પાત્ર સાથેની તન્મયતા એ જ એને માટે મહત્વનું પરિબળ છે. બાળકોને ખૂબ ધન્યવાદ અને વાલીઓનાં સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરું છું.

### શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**જાહેરાત ચિત્ર સ્પર્ધા : ૧૯-૧૨-૯૮**

| | | |
|---|---|---|
| પ્રથમ | જીમી ભટ્ટ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | નૂપુર શાહ | ( ધવલગિરિ ) |
| | દર્શિલ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | શૈલ શેઠ | ( રત્નદીપ ) |
| | પ્રાકૃત પટેલ | ( રત્નદીપ ) |
| | શિવાંગી ટંકશાળી | ( ગંગોત્રી ) |

**સાન્તાકલોઝ બનાવવાની સ્પર્ધા ૨૪-૧૨-૯૮**

| | | |
|---|---|---|
| પ્રથમ | કેતવ લાખિયા | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | પ્રતીક શાહ | ( ધવલગિરિ ) |
| | વિધિ શાહ | ( રત્નદીપ ) |
| | નીરવ પરીખ | ( રત્નદીપ ) |
| તૃતીય | ધ્વનિ દવે | ( રત્નદીપ ) |
| | મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| | પ્રતીક શાહ | ( મેઘનાદ ) |

**સલાડ ડેકોરેશન સ્પર્ધા ૨૯-૧૨-૯૮**

| | | |
|---|---|---|
| પ્રથમ | શચિ અમીન | ( મેઘનાદ ) |
| દ્વિતીય | ધરા શાહ | ( ગંગોત્રી ) |
| | ખ્યાતિ ચુડાસમા | ( ધવલગિરિ ) |
| | તપન શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | કિંશુક હિરપરા | ( ગંગોત્રી ) |
| | નિશાંત દલાલ | ( ગંગોત્રી ) |

**નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ બેન ગાયત્રી પટેલે સેવાઆપી.**

**ટેબલ નેપકીન ઘડી સ્પર્ધા ૨૯-૧૨-૯૮**

| | | |
|---|---|---|
| પ્રથમ | જીનાલી ઝવેરી | ( મેઘનાદ ) |
| દ્વિતીય | એષા મહેતા | ( ધવલગિરિ ) |
| | પીંકી પંચાલ | ( ગંગોત્રી ) |
| તૃતીય | માનસી દેસાઈ | ( રત્નદીપ ) |
| | કેતવ લાખિયા | ( ધવલગિરિ ) |

**ડાઈનીંગ ટેબલ ડેકોરેશન સ્પર્ધા ૨૯-૧૨-૯૮**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ | આકાર શાહ | ( મેઘનાદ ) |
| | | પ્રતીક શાહ | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | કેતવ લાખિયા | ( ધવલગિરિ ) |
| | | મિહિર રાવલ | ( ધવલગિરિ ) |
| બહેનો | પ્રથમ | વિધિ શાહ | ( રત્નદીપ ) |
| | | લજ્જા રેશમવાલા | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | શચિ વૈદ્ય | ( ધવલગિરિ ) |
| | | નૂપુર શાહ | ( ધવલગિરિ ) |

**ઉર્જા બચાવો વાનગી સ્પર્ધા ૨૯-૧૨-૯૮**

| | | | |
|---|---|---|---|
| પીણાં | પ્રથમ | ઋષિ ઘડાવાલા | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | ઋષિત શાહ | ( મેઘનાદ ) |
| | તૃતીય | શ્લોકા શાહ | ( ગંગોત્રી ) |
| મીઠાઈ | પ્રથમ | સોનાલી શાહ | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | સમકીત શાહ | ( ધવલગિરિ ) |
| | | સિધ્ધિ શાહ | ( ગંગોત્રી ) |
| | તૃતીય | ઋષિ ઘડાવાલા | ( ગંગોત્રી ) |
| | | ભૂમિક શાહ | ( ગંગોત્રી ) |
| ફરસાણ | પ્રથમ | શ્લોકા શાહ | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | ભૂમિક શાહ | ( ગંગોત્રી ) |
| | | દેવલ પંડિત | ( રત્નદીપ ) |
| | તૃતીય | સિધ્ધિ શાહ | ( ગંગોત્રી ) |
| | | શ્રીદા રેશમવાલા | ( ધવલગિરિ ) |

**નિબંધ સ્પર્ધા ૨-૧-૯૯**

| | | | |
|---|---|---|---|
| હિન્દી | પ્રથમ | હર્ષિલ શાહ | ( રત્નદીપ ) |

દ્વિતીય શિવાની જોશી ( મેઘનાદ )
હેલી મહેતા ( ગંગોત્રી )
ઋતુલ જોશી ( ધવલગિરિ )
તૃતીય આકાશ શાહ ( ગંગોત્રી )
પૂજા દલાલ ( મેઘનાદ )

**ગુજરાતી નિબંધ**

પ્રથમ રોમા દવે ( મેઘનાદ )
દ્વિતીય નિશાંત દલાલ ( ગંગોત્રી )
હિરલ શાહ ( રત્નદીપ )
તૃતીય વિધિ શાહ ( રત્નદીપ )
શૈલ શેઠ ( રત્નદીપ )
ઉષ્મા શાહ ( ગંગોત્રી )

**અંગ્રેજી નિબંધ**

પ્રથમ પાતંજલ વ્યાસ ( રત્નદીપ )
દ્વિતીય હેલી શાહ ( મેઘનાદ )
ગીત શાહ ( રત્નદીપ )
તૃતીય રાહુલ શાહ ( મેઘનાદ )
નીલી સુરતવાલા ( ધવલગિરિ )

**ઈકેબાની સ્પર્ધા** ૫-૧-૯૯

પ્રથમ જીગર છપ્પન ( રત્નદીપ )
દ્વિતીય શૈલ શેઠ ( રત્નદીપ )
એષા મહેતા ( ધવલગિરિ )
રોમા દવે ( મેઘનાદ )
તૃતીય શચિ અમીન ( મેઘનાદ )
નિધિ શાહ ( ધવલગિરિ )
નિશાંત દલાલ ( ગંગોત્રી )

**કેરમ સ્પર્ધા** ૯-૨-૯૯

પ્રથમ શૈલ શેઠ ( રત્નદીપ )
દ્વિતીય જીગર શાહ ( મેઘનાદ )
તૃતીય મનીત શાહ ( ધવલગિરિ )

**કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા**

ધોરણ ૧ પ્રથમ શૈલ દવે
દ્વિતીય કવન ભટ્ટ, ઋતુ શાહ
તૃતીય દેવાંશી પંડયા , ધ્વનિ મહેતા
ધોરણ ૨ પ્રથમ યશ શાહ
દ્વિતીય કિર્તન ટંકશાળી, વિદીતા દેસાઈ
તૃતીય કુશલ શાહ, સંજના શાહ
ધોરણ ૩ પ્રથમ મિલિન વોરા
દ્વિતીય અભિજ્ઞ શાહ, પ્રાચી દલાલ
તૃતીય જાનકી શાહ, ધ્રુવ દેસાઈ, ખુશ્બુ વ્યાસ
ધોરણ ૪ પ્રથમ નીવા શાહ
દ્વિતીય અર્થ શાહ, રૂચિશ શાહ
તૃતીય પ્રાપ્તિ પટેલ, રિધ્ધિ ખત્રી, રાહી શાહ
ધોરણ ૫ પ્રથમ વિસ્મય શાહ
દ્વિતીય મિલિન્દ પારેખ, ધારા દેસાઈ
તૃતીય પાર્થ પટેલ, માનસી વકીલ, માનસી શાહ
ધોરણ ૬ પ્રથમ નિરલ મોદી
દ્વિતીય મૌલિક વ્યાસ, પરિતા દેસાઈ,
ઋજુતા દેસાઈ
તૃતીય વિધિ શાહ, હેલી શાહ, જીનાલી ઝવેરી
ધોરણ ૭ પ્રથમ કૃતિ દવે
દ્વિતીય શૈલ શેઠ, નિરવ ઠાકોર, જુહી મહેતા
તૃતીય જીમી ભટ્ટ, પલક શાહ, ક્રીશ્રા શાહ
આશ્વાસન ઈનામ માનસી દેસાઈ

**પ્રવાસ :** તા. ૮ તથા ૯ મી જાન્યુઆરીના રોજ ધોરણ ૧ નાં બાળકોનો ડાકોર ગળતેશ્વરનો પ્રવાસ યોજાયો.

તા.૨૮ તથા ૨૯ મી જાન્યુઆરીનાં રોજ તા.૫, ૬, ૭ નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે પાલીતાણા, હસ્તગિરિ અને કદમ્બગિરિનો પ્રવાસ યોજાયો.

તા.૮ તથા ૯ મી ફેબ્રુઆરીનાં રોજ ધોરણ ૪ નાં બાળકો માટે બાલારામ, ભિલડીયાજી, પાટણ અને મોઢેરાનો પ્રવાસ યોજાયો.

**રમતોત્સવ :** તા. ૫-૨-૯૭ નાં રોજ ધો.૫ , ૬ , ૭ નો રમતોત્સવ યોજાયો.તા.૧૩-૨-૯૯ના રોજ ધો.૧થી૪ નો રમતોત્સવ યોજાયો.

**શહિદ દિન :** તા. ૩૦-૧-૯૯ નાં રોજ શહિદ દિન નિમિત્તે બે મિનીટ મૌન પાળી પ્રાર્થના તથા મહાત્મા ગાંધીજીનાં જીવનના પ્રેરણાદાયી પ્રસંગોની નાટયરૂપે રજૂઆત બાળકોએ અસરકારક રીતે કરી.

**અમૃત મહોત્સવ :** સંસ્થાના અમૃત મહોત્સવ વર્ષને અનુલક્ષીને તા.૨૬-૧૨-૯૮ નાં રોજ સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાયો. એ પ્રસંગે કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ તથા પ્રમાણપત્રો આપી નવાજવામાં આવ્યા. તા. ૯-૧-૯૯ નાં રોજ ગરબા તથા તા.૨૩-૧-૯૯ નાં રોજ ચિત્ર પ્રદર્શન યોજવામાં આવ્યા.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધા**

**નિબંધ સ્પર્ધા ૭-૧૨-૯૮**

પ્રથમ અર્પણ સોપારકર ( મેઘદૂત )
દ્વિતીય શાશ્વત ઠાકોર ( મેઘદૂત )
તૃતીય આનલ શાહ ( ચંદ્રમૌલિ )
માનસી નાગોરી ( ગીતગોવિંદ )

**વકતૃત્વ સ્પર્ધા ૯-૧૨-૯૮**

પ્રથમ નિરવ પારેખ ( મેઘદૂત )
દ્વિતીય વર્ષિલ પરીખ ( ચંદ્રમૌલિ )
તૃતીય ધારા ત્રિવેદી ( પદ્મપુકુર )

**નિર્ણાયક તરીકે શ્રી સરોજબેન વ્યાસે સેવા આપી.**

**વાર્તા સ્પર્ધા ૧૯-૧૨-૯૮**

પ્રથમ શેમોલી મહેતા ( પદ્મપુકુર )
દ્વિતીય ખુશાલી શાહ ( ગીતગોવિંદ )
તૃતીય આનલ શાહ ( ચંદ્રમૌલિ )

તા. ૧૯-૧-૯૯ નાં રોજ અમેરિકામાં શિકાગોમાં રહેતાં માનસશાસ્ત્રી અને શિક્ષણશાસ્ત્રી શ્રી જગદીશભાઈ દવેએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી પ્રવચન આપ્યું. વિષય હતો. ' આદર્શ શિક્ષણ અને જીવનમાં યોગનું મહત્વ '.

**રમતોત્સવ :** તા. ૨૨, ૨૩ જાન્યુઆરીનાં રોજ રમતોત્સવ યોજાયો. સાંઘિક અને વ્યક્તિગત રમતોની સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો.

તા. ૧-૨-૯૯ નાં રોજ સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in